# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-04-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિની બેઠક

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિની મળેલી બેઠકમાં કચ્છમાં થનારી પ્રાથમિક શિક્ષકોની વિશેષ ભરતીમાં 70 ટકા સ્થાનિકને પ્રાધાન્ય આપવા ઠરાવ કરાયો હતો. શિક્ષણ સમિતિના ચેરમેન વિરમભાઈ ગઢવીના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં પ્રારંભે પહેલગામના મૃતકોને મૌન પાળી અંજલિ અપાઇ હતી અને બાદમાં વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા તથા ઠરાવ કરાયા હતા.

જિલ્લાફેર બદલીવાળા શિક્ષકોને 50 ટકા મહેકમ જળવાતું હોય તેવા શિક્ષકને સરકારના નિયમ મુજબ છૂટા કરવા, જર્જરિત ઓરડા મુદ્દે પાંચ સભ્યની સમિતિ બનાવી તેના દ્વારા સ્થળ ચકાસણી કરી તેના અભિપ્રાય બાદ ઓરડા તોડી પાડવા અથવા તો રિપેર કરવા, વર્ગ વધારાની મંજૂરી, નવી સરકારી શાળાઓને મંજૂરી આપવા સહિતના ઠરાવ બેઠકમાં કરવામાં આવ્યા હતા. બેઠક દરમ્યાન લખપત તાલુકાના માતાના મઢના સોઢા કેમ્પ, ભચાઉની દયાપરવાંઢ, નખત્રાણાના મેવાનગર અને ભુજના ઉડો ખાતે નવી શાળા, ભચાઉના કુંજીસરમાં નવા વર્ગો શરૂ કરવા નિર્ણય લેવાયો હતો.

-------------------------------------------------------------------------------------------

## કચ્છમાં રાશનકાર્ડ ઇ-કેવાયસી કામગીરી

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ રાશનકાર્ડ હેઠળ તમામ લાભાર્થીઓના રાશનકાર્ડ ઇ-કેવાયસી જરૂરી છે અને આ માટે હવે 30 એપ્રિલ આખરી તારીખ છે. કચ્છમાં અત્યાર સુધી આ રાશનકાર્ડ ઇ-કેવાયસીની કામગીરી 73.44 ટકાએ પહોંચી છે. જિલ્લામાં એન એફ એસ એ કુલ 12લાખ 23

હજાર લાભાર્થીઓમાંથી ગઇકાલ સુધીમાં 8 લાખ 98 હજાર 773 લાભાર્થીઓના રાશનકાર્ડ ઇ કેવાયસી થયા છે. કચ્છમાં સૌથી વધુ મુન્દ્રા તાલુકામાં 84.97 ટકા અને સૌથી ઓછી રાપર તાલુકામાં 57.24 ટકા કામગીરી થઇ છે. બાકી રહેતા લાભાર્થીઓને 30 એપ્રિલ સુધીમાં રાશનકાર્ડ ઇ-કેવાયસી કરાવી લેવા પુરવઠા તંત્ર દ્વારા અપીલ કરાઇ છે..

.

---------------------------------------------------------------------------------

## રાયડા ખરીદ કેન્દ્રનો પ્રારંભ- માંડવી ધારાસભ્ય

માંડવી એપીએમસી મારફત ટેકાના ભાવે રાયડા ખરીદ કેન્દ્રનો આરંભ ધારાસભ્ય અનિરૂધ્ધભાઇ દવેના હસ્તે કરાયો હતો. ખરીદ એજન્સી એક લક્ષ્ય ફાર્મર કંપની દ્વારા રાયડાની ખરીદીનું સેન્ટર શરૂ કરાયું હતું. 300થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. 40 કિલોના ભાવ રૂા. 2380 સ્થાનિક લોકલ બજારના રાયડાના ભાવ કરતાં એક ક્વિન્ટલ પાછળ 750 રૂપિયા વધુ મળે છે. ધારાસભ્ય અનિરુદ્ધભાઇ દવેએ આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા બાજરી પણ ટેકાના ભાવથી ખરીદી કરવામાં આવનાર હોઇ વહેલાસર ઓનલાઇન નોંધણી કરાવવા જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## નખત્રાણા પંથકમાં કેરીના ઉત્પાદનને અસર

પ્રતિકુળ હવામાનના કારણે પશ્ચીમ કચ્છના નખત્રાણા પંથકમાં કેસર કેરીના ઉત્પાદનને માઠી અસર થવા પામી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ ચાલુ વરસની મોસમમાં કેસર કેરીનું ઉત્પાદન માંડ 20થી 25 ટકા થશે. ફેબ્રુઆરી માસ દરમ્યાન કેરીના વૃક્ષોમાં મોર પુષ્કળ પ્રમાણમાં આવ્યા હતા પણ તે પછીના સમય દરમ્યાન ઝાકળના કારણે ફુલમાં ગળો નામના રોગના ઉપદ્રવના કારણે ફાલ ઓછો લાગ્યો હતો. સતત લુ, ગરમી અને વેગીલા પવનના કારણે નાની કેરીના ફળો વૃક્ષોમાંથી ખરી પડવાના કારણે ઉત્પાદન ઘટે તેવો અંદાજ છે.

---------------------------------------------------------------------------------

# કુનરિયામાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી

રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે ભુજ તાલુકાના કુનરિયા ખાતે ગઇકાલે જિલ્લા કક્ષાની ઉજવણી અને ખાસ ગ્રામસભાનું આયોજન કરાયું હતું. કુનરિયા સરપંચ સુરેશભાઈ છાંગા દ્વારા પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ વિષે સમજ અપાઈ હતી. જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ દ્વારા પંચાયતી રાજનું ગ્રામ્યકક્ષાએ મહત્વ અને ગ્રામીણ વિકાસ અને સ્થાનિક શાસનમાં જવાબદારી બાબતે માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. તો રાપર તાલુકાનાં માણાબા ગ્રામ પંચાયત દ્વારા પણ રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસની ઉજવણી કરવામાં આવી હતી..

--------------------------------------------------------------------------------

# હાજીપીરનો લોકમેળો-પદયાત્રી

કોમી એકતાના પ્રતીક ગણાતા હાજીપીરના લોકમેળામાં સામેલ થવા મોટી સંખ્યામાં પદયાત્રીઓનો પ્રવાહ આગળ વધી રહ્યો છે. હાજીપીરની દરગાહથી વાયા બિબ્બરના ધુળિયા માર્ગેથી લઇ ભુજના સરપટ નાકા વચ્ચેના 90 કિ.મી. માર્ગમાં 34 જેટલા સેવા કેમ્પો રાત-દિવસ ધમધમી રહ્યા છે. બિબ્બરની ઉત્તરે રણમાં છેક હાજીપીર સુધીના વેરાન પંથકમાં સેવાભાવી કાર્યકરો પદયાત્રિઓની સેવામાં જોડાયા છે. સેવા કેમ્પના સંચલકોના જણાવ્યા મુજબ ચાલુ વર્ષે રમજાન માસ પૂરો થયા પછી પદયાત્રિઓની સંખ્યા વધી છે તેમજ વહેલા નીકળ્યા છે.

--------------------------------------------------------------------------------

# આતંકી હુમલાના વિરોધમાં કચ્છમાં આક્રોશ

પહેલગામમાં થયેલા આતંકી હુમલાને પગલે રાજ્ય સહિત કચ્છમાં આક્રોશ છવાયો છે. કચ્છમાં વિવિધ સ્થળોએ વેપારીઓએ આજે વેપાર ધંધા બંધ રાખ્યા હતા. ભુજની જથ્થાબંધ બજાર આજે બંધ રાખી વેપારીઓએ વિરોધ નોંધાવ્યો હતો તો તીર્થધામ માતાનામઢમાં નાના મોટા તમામ વેપારીઓએ પોતાના વેપાર ધંધા બંધ રાખી આતંકવાદી ઘટનાની નિંદા કરી મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.